બાલાસિનોરની કેમિકલ ડમ્પિંગની તપાસમાં ગયેલા ટીડીઓ સંતોષકારક જવાબ આપ્યા વિના રવાના થયાં

બાલાસિનોરમાં પ્રદુષણ કંટ્રોલ બોર્ડની તપાસને ગ્રામજનોએ 'નાટક' ગણાવ્યું

જમીયતપુરામાં કેમિકલયુક્ત પાણીથી ખેતી અને સ્વાસ્થ્ય સામે ગંભીર ખતરો

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨૫ બાલાસિનોર તાલુકાના જમીયતપુરા સીમમાં કેમિકલ કચરાના ડમ્પિંગને કારણે સ્થાનિક જળસ્ત્રોતો દૂષિત થવાનો મામલો હવે ઉગ્ર બન્યો છે. ગઈકાલે ડમ્પિંગ સાઈટની તપાસ માટે ગયેલા તાલુકા વિકાસ અધિકારી અને તેમની ટીમે ગ્રામજનોના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવાને બદલે ત્યાંથી ચાલતી પકડી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા વહીવટી તંત્રમાં હડકંપ મચી ગયો છે.

બાલાસિનોરના જમીયતપુરા પંથકમાં કેમિકલ કચરાના કારણે આસપાસના બોર, કુવા અને તળાવના પાણી કેમિકલયુક્ત બની ગયા છે, જેનાથી ખેતી, પશુઓ અને માનવ સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. આ સાઈટ કાયમી ધોરણે બંધ કરાવવા માટે ગ્રામજનોએ અગાઉ અનેકવાર આવેદન પત્રો, રસ્તા રોકો આંદોલન અને ધરણાં કર્યા હતા. તાજેતરમાં જ ખેડૂતો લાલ કેમિકલયુક્ત પાણીની બોટલો લઈ ગાંધીનગર સ્થિત GPCB ભવન ખાતે પહોંચ્યા હતા, જેના પગલે બે દિવસ પહેલા પાણીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જોકે, વારંવાર સેમ્પલ લેવા છતાં કોઈ નક્કર કાર્યવાહી ન થતા ગ્રામજનો આ તપાસને માત્ર 'નાટક' ગણાવી રહ્યા છે.

જ્યારે તાલુકા વિકાસ અધિકારી, વિસ્તરણ અધિકારી અને તલાટી ડમ્પિંગ સાઈટની તપાસ કરવા પહોંચ્યા, ત્યારે ગ્રામજનોએ તેમને આસપાસના દૂષિત કુવા અને તળાવોની પ્રત્યક્ષ તપાસ કરવા ઉગ્ર રજૂઆત કરી હતી. આ રજૂઆતનો યોગ્ય જવાબ આપવાને બદલે અધિકારીઓની ટીમ સ્થળ છોડીને જતી રહેતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. હાલ આ ઘટનાનો વીડિયો સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.

ઠાસરા : જેશાપુરામાં લૂંટના ઈરાદે વૃદ્ધાની ગળે ટૂંપો દઈ હત્યા કરાઈ

એકલવાયા જીવનનો લાભ લઈ અજાણ્યાએ ઘરમાં ઘૂસી ખેલ્યો ખૂની ખેલ ખેલ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫ ઠાસરા તાલુકાના જેશાપુરા-મીઠાપુરા ગામના દરનાકા વિસ્તારમાં ઘરે એકલા રહેતા ૭૫ વર્ષીય વૃદ્ધા દહીબેન કિરીટસિંહ ચાવડાની મોડી રાત્રે અજાણ્યા શખ્સો દ્વારા ગળે ટૂંપો આપી હત્યા કરી દેવાતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

પ્રાથમિક આશંકા મુજબ, અજાણ્યા ઈસમોએ લૂંટ ચલાવવાના ઈરાદે ઘરમાં પ્રવેશ કર્યો હોઈ શકે અને વૃદ્ધાએ પ્રતિકાર કરતા તેમને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હોવાની શક્યતા છે. આજે વહેલી સવારે સ્થાનિકોને આ ઘટનાની જાણ થતાં જ ડાકોર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પંચનામાની કાર્યવાહી પૂર્ણ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો છે. આ જઘન્ય હત્યાકાંડને પગલે મૃતકના પરિવારમાં આક્રંદ છવાયો છે અને ગ્રામજનોમાં રોષ સાથે ડર વ્યાપી ગયો છે.

ડાકોર પોલીસે આ હત્યાકાંડનો ભેદ ઉકેલવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે. પોલીસ દ્વારા આસપાસના લોકોની પૂછપરછની સાથે ટેકનિકલ સર્વેલન્સ અને વૈજ્ઞાનિક પુરાવાઓ એકત્ર કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જેથી શંકાસ્પદ ઈસમોને વહેલી તકે ઝડપી શકાય.

વડોદની બેન્કમાં બાકોરું પાડી ચોરીનો પ્રયાસ થયો

સફળતા ન મળતા સીસીટીવી ફૂટેજનું મશીન ચોરી નાસી છૂટ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫ આણંદ તાલુકાના વડોદ ગામની ભાગોળે આવેલી બેન્ક ઓફ બરોડામાં મધ્યરાત્રીના સુમારે તસ્કરોએ ફિલ્મી ઢબે ચોરીનો પ્રયાસ કર્યો હતો. તસ્કરોએ બેન્કની દિવાલમાં મોટું બાકોરું પાડી અંદર પ્રવેશ કર્યો હતો, પરંતુ તિજોરી કે લોકર તોડવામાં નિષ્ફળતા મળતા તેઓ માત્ર સીસીટીવી ફુટેજનું ડીવીઆર ચોરીને ફરાર થઈ ગયા હતા.

વડોદ ગામની બેન્ક ઓફ બરોડાને તસ્કરોએ નિશાન બનાવી હતી. બેન્કની સાઈડની દિવાલમાં લોખંડની કોશ અથવા વજનદાર હથિયાર વડે એક માણસ પ્રવેશી શકે તેવડું ગાબડું પાડ્યું હતું. બેન્કમાં ઘુસ્યા બાદ તસ્કરોએ તિજોરી અને લોકરો તોડવા માટે ભારે પ્રયાસો કર્યા હતા, પરંતુ તેમાં સફળતા મળી ન હતી. છેવટે પકડાઈ જવાના ડરથી પુરાવા નાશ કરવા માટે તેઓ બેન્કમાં મુકેલું ડીવીઆર મશીન ચોરી ગયા હતા.

આ ઘટનાની જાણ સવારે ગ્રામજનોને થતા જ તેઓએ વાસદ પોલીસને જાણ કરી હતી. બનાવની ગંભીરતા જોઈ પીઆઈ કુણાલ પટેલ તુરંત જ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. હાલમાં પોલીસ દ્વારા ડોગ સ્કવોર્ડ અને એફએસએલની મદદ લઈને તપાસ હાથ ધરવામાં આવી છે. આ અંગે વાસદ પોલીસે ગુનો નોંધ્યો હતો.

તંત્રની ઘોર બેદરકારીથી 40 વર્ષથી મરામતનો અભાવ

પેટલાદમાં હાઉસીંગ બોર્ડના રહીશોનું જીવવું દુષ્કર બન્યું

ઘરોના ભોંયતળિયેથી ફૂટી રહ્યા છે 'પાણીના ઝરણાં'

ઘૂંટણસમા પાણીમાં ગરકાવ સોસાયટીઓ વચ્ચે વહીવટી તંત્ર 'કુંભકર્ણ'ની નિંદ્રામાં

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૫ પેટલાદના ગામતળમાં ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનો આવેલ છે. આ મકાનો પાસે ચોમાસા દરમ્યાન દિવસો સુધી પાણી ભરાઈ રહે છે. જેને કારણે સમગ્ર વિસ્તાર ગંદકીથી ખદબદે છે. ભરાઈ રહેલા પાણીને કારણે મચ્છરોનો ઉપદ્રવ થવાથી રોગચાળો ફાટી નીકળવાની દહેશત રહે છે. ઉપરાંત ચોમાસમાં દર વર્ષે મકાનોની જમીનમાંથી પાણી ફુટી નીકળી રૂમોમાં ભરાય છે. જેથી પરિવારોને જીવન જીવવું અસહ્ય બની જાય છે. છતાં તંત્ર દ્વારા કાયમી કોઈ જ ઉકેલ લાવવામાં આવતો નથી.

પ્રાપ્ત માહિતી મુજબ પેટલાદમાં કૃષ્ણ નગર સોસાયટી પાછળ ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનો આવેલ છે. લગભગ 40 વર્ષ અગાઉ અહીંયા બે અને ત્રણ માળના આશરે 100થી વધુ ફ્લેટ બનાવવામાં આવ્યા હતા. ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા જે તે સમયે નજીવી રકમ લઈ હપ્તેથી લાભાર્થીઓને ફ્લેટ આપવામાં આવ્યા હતા. પરંતુ આજદીન સુધી આ ફ્લેટોનું મરામત કામ ક્યારેય હાથ ઉપર લેવામાં આવ્યું નથી. જેને કારણે તમામ ફ્લેટ જર્જરીત હાલતમાં જોવા મળે છે. આ ફ્લેટ પાસેનો વિસ્તાર ગંદકી અને કાદવથી ખદબદી રહ્યો છે. આ સમગ્ર વિસ્તારમાં દર વર્ષે વરસાદી પાણી ભરાવવાની સમસ્યા છે. આ વખતે પણ અહીંયા ઢીંચણસમા પાણી ભરાયાં છે.

આ ઉપરાંત ગ્રાઉન્ડ ફ્લોરના તમામ ફ્લેટોની જમીનમાંથી પાણી ફુટી નીકળે છે. જે ઘરના બધા જ રૂમોમાં ફેલાય છે. જેને કારણે ગ્રાઉન્ડ ફ્લોરમાં રહેતા પરિવારો દિવસો સુધી જમવાનું બનાવી શકતા નથી. રૂમોમાં પાણી હોવાથી રહેવા અને સુવાની પણ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ગરીબ અને મધ્યમ વર્ગીય આ 100થી વધુ પરિવારોનું જનજીવન દર ચોમાસામાં દયનીય બની જાય છે. અહીંયાના સ્થાનિક રહીશો દ્વારા અનેક વખત પાલિકા અને વહીવટી તંત્રને રજુઆત કરે છે, છતાં કાયમી કોઈ જ ઉકેલ આવતો નથી. હાલમાં આ હાઉસીંગ ફ્લેટના મકાનો સહિત કૃષ્ણ નગર સોસાયટી, તાલુકા સેવા સદન, બે આંગણવાડી જેવા તમામ વિસ્તારો પાણીમાં ગરકાવ છે. છતાં તંત્ર જાણે કે કુંભકર્ણની નિંદ્રામાં હોય તેમ કોઈ અધિકારી ફરક્યા નહીં હોવાનો આક્રોશ સ્થાનિક રહીશો ઠાલવી રહ્યા છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

નડિયાદમાં મહિલાઓને કિચન ગાર્ડન અને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ અપાઈ

નડિયાદ | નડિયાદ સ્થિત SRP ગ્રુપ-૦૭ ખાતે બાગાયત વિભાગ દ્વારા મહિલાઓ માટે અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ સેન્ટર યોજના હેઠળ એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમમાં ડો. એસ. એસ. પીલ્લાઈએ મહિલાઓને ઝેરમુક્ત શાકભાજી ઉગાડવા, બાગાયતની વિવિધ યોજનાઓ અને પ્રાકૃતિક ખેતી વિશે વિગતવાર સમજ આપી હતી. આ તકે મહાનુભાવોએ ઘરઆંગણે કિચન ગાર્ડન વિકસાવી પરિવારની પોષણ સુરક્ષા અને આર્થિક સ્થિતિ મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં મદદનીશ બાગાયત નિયામક જે. આર. પટેલ અને SRP સેનાપતિ પરાગ વ્યાસ સહિતના અધિકારીઓ અને મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ખેડા કલેક્ટરની અધ્યક્ષતામાં 'ઇટ રાઈટ ચેલેન્જ' અંતર્ગત પ્રથમ સમીક્ષા બેઠક યોજાઈ

નડિયાદ | કલેક્ટરના અધ્યક્ષસ્થાને 'ઇટ રાઈટ ચેલેન્જ' માટે DLAC ના તમામ સભ્યો સાથે આ વર્ષની પ્રથમ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા ફૂડ અને ડ્રગ્સ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી અને ખોરાક-ઔષધિ નિયમન તંત્રના વિવિધ મુદ્દાઓની વિગતવાર સમીક્ષા કરાઈ હતી. કપડવંજ ગ્રાહક સુરક્ષા મંડળના પ્રતિનિધિ ગોપાલભાઈ કંસારાએ ઉપસ્થિત રહીને ખોરાક અને ઔષધિને લગતા પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. આ બેઠકમાં જાહેર આરોગ્ય સાથે સંકળાયેલા વિવિધ પ્રશ્નો અને તેની કામગીરી પર ભાર મૂકવામાં આવ્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કપડવંજની કોલેજમાં બી.કોમ.ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

કપડવંજ | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કે.એસ. આર્ટ્સ અને વી.એમ. પારેખ કોમર્સ કોલેજના સેલ્ફ ફાઇનાન્સ બી.કોમ. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે દાણી સંકુલમાં ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ૫૦ વિદ્યાર્થીઓ અને ૨૦ વાલીઓને પી.પી.ટી.ના માધ્યમથી કોલેજની સુવિધાઓ, અભ્યાસક્રમ, પરીક્ષાઓ અને વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટેની વિવિધ સમિતિઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આચાર્ય પ્રો. એ.બી. પંડા અને એકેડેમીક કમિટીના ચેરમેન ડો. ગોપાલ શર્મા સહિતના સ્ટાફની પ્રેરક ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને કોલેજની શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓથી માહિતગાર કરાયા હતા.

કપડવંજની સ્પંદન બાલમંદિરમાં ૫૦ બાળકોનું ડીપીટી રસીકરણ કરાયું

કપડવંજ | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્પંદન બાલમંદિરમાં બાળકોના ઉત્તમ સ્વાસ્થ્ય માટે DPT રસીકરણનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ અંતર્ગત કપડવંજ અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર કિનલ પટેલની ટીમ દ્વારા રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અભિયાનમાં સિનિયર કેજીમાં અભ્યાસ કરતા અંદાજે ૫૦ જેટલા બાળકોને સુરક્ષિત કરવા માટે રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. શાળા પરિવાર અને આરોગ્ય ટીમ દ્વારા બાળકોના સ્વાસ્થ્યની જાળવણીના હેતુથી આ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા દીકરીના સર્વાંગી વિકાસ માટે 'કિશોરી સંમેલન' યોજાયું

આણંદ | આણંદની એન. એસ. પટેલ આર્ટસ અને સી. પી. પટેલ કોમર્સ કોલેજ દ્વારા ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે સંસ્થાની દીકરીઓ માટે આ સંમેલન યોજાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત મેયર દીપિકાબેન પટેલે પ્રેરણાદાયી ઉદ્બોધન કર્યું હતું અને ટ્રસ્ટના મંત્રી ડો. ભીખુભાઈ પટેલે દીકરીઓને આશીર્વચન આપ્યા હતા. મુખ્ય વક્તા ડો. સોનલબેન દેસાઈએ કિશોરી અવસ્થામાં થતા શારીરિક-માનસિક પરિવર્તનો અને સ્વાસ્થ્ય સંબંધિત મુદ્દાઓ પર દૃશ્ય-શ્રાવ્ય માધ્યમથી ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

વસો તાલુકાની પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકોની સંકલન બેઠક યોજાઈ

વસો | વસો તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકોની સંકલન બેઠક મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ બેઠકમાં પીએમ પોષણ યોજના અને શિષ્યવૃત્તિની ઓનલાઈન કામગીરી પૂર્ણ કરવા તેમજ એક પણ બાળક શાળા બહાર ન રહે તે બાબતે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ભરતભાઈ પારેખે શાળાઓને વધુ સારી બનાવવા માટે શૈક્ષણિક અને વહીવટી સૂચનાઓ આપી હતી. અધિકારીઓએ મુખ્ય શિક્ષકોને ટીમવર્કથી કામ કરી પોતાની શાળાને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે આહવાન કર્યું હતું.

મહીસાગરના શિક્ષક રમેશકુમાર ચૌહાણની 'સાંદીપનિ ગુરુ ગૌરવ એવોર્ડ' માટે પસંદગી કરાઇ

લુણાવાડા | પોરબંદર સ્થિત સાંદીપનિ વિદ્યાનિકેતન દ્વારા વર્ષ ૨૦૨૬ના પ્રતિષ્ઠિત 'ગુરુ ગૌરવ એવોર્ડ' માટે મહીસાગરના શિક્ષક રમેશકુમાર ચૌહાણની પસંદગી કરવામાં આવી છે. કોઈ પણ અરજી વગર તેમની ટેક્નોલોજી અને શિક્ષણમાં નવતર પ્રયોગોની નિષ્પક્ષ કામગીરીના આધારે સંસ્થા દ્વારા આ સીધી પસંદગી કરાઈ છે. આગામી ૨૭-૨૮ જુલાઈના રોજ પોરબંદર ખાતે રમેશભાઈ ઓઝાની ગરિમામય ઉપસ્થિતિમાં યોજાનાર ભવ્ય સમારોહમાં તેમનું વિશેષ બહુમાન કરવામાં આવશે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળા પરિવાર અને સમગ્ર શિક્ષણ જગતે તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

આણંદની ડી.એન. ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન ખાતે અભિમુખતા કાર્યક્રમ યોજાયો

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી.એન. ઇન્સ્ટિટ્યૂટના વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા વિદ્યાર્થીનીઓ માટે ખાસ પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ ડો. હર્ષા ગઢવીએ વિદ્યાર્થીનીઓને પોતાની આંતરિક ક્ષમતા અને આત્મવિશ્વાસ કેળવવા પ્રોત્સાહિત કર્યા હતા, જેનું સ્વાગત આચાર્યા ડો. ભારતી રાજ દ્વારા કરવામાં આવ્યું હતું. સેલના અધ્યક્ષ પ્રા. અમૃતા ચાવડાએ વિદ્યાર્થીનીઓને CWDCની પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા અને પ્રા. બેનીતા ઓવેલ તથા અન્ય સ્ટાફ દ્વારા સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટીની મેડિકેર એન્ડ ઓટી હોસ્પિટલ ખાતે કથા યોજવામાં આવી

આણંદ | આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી, આણંદ ટ્રસ્ટ/સંસ્થાની મેડિકલ ક્ષેત્રે આરોગ્યલક્ષી સેવાકીય પ્રવૃત્તિઓની વિકાસધારા અર્થે કમળાબેન પી. પટેલ મેડિકેર એન્ડ ઓટી હોસ્પિટલ (મલ્ટી સુપર સ્પેશિયાલિટી)નો પ્રારંભ કરવા સંસ્થાના પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ), એપીએમએસ સંચાલક મંડળના સભ્ય જયાબેન બિપીનચંદ્ર પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ અને સીઇઓ ડો. પાર્થ બી. પટેલ, સેક્રેટરી અને રજિસ્ટ્રાર ડો.ઈશિતાબેન પી. પટેલ, ડો.વિકુલકુમાર વી. પટેલ, ડો. યુગ્માબેન પટેલ સહિતના હોદ્દેદારો, ડોક્ટર્સ, પ્રિન્સિપાલ, પ્રાધ્યાપકો સહિતના મહેમાનોની ઉપસ્થિતિમાં સત્યનારાયણ ભગવાનની કથા યોજાઇ હતી.

બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે રથયાત્રા ઉત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઇ

આણંદ | આણંદ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે અષાઢી બીજના પાવન પર્વે ભગવાન અક્ષર પુરુષોત્તમ મહારાજના કલાત્મક રથનું સંતો-ભક્તો દ્વારા ભ્રમણ કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય ભગવદ્ ચરણ સ્વામીએ જણાવ્યું હતું કે જો આપણે ભગવાન અને સંતને જીવનના સારથી બનાવીએ તો જીવન સર્વાંગ સફળ અને સાર્થક બને છે. ભક્તોએ સુવર્ણ રસિકત સાવરણાથી રથ પથની સેવા કરી દાસત્વ ભક્તિ અદા કરી હતી અને પરંપરાગત ભક્તિ પદોનું ગાન કરવામાં આવ્યું હતું. ઉત્સવના અંતે આરતી અને પરંપરાગત પ્રસાદના વિતરણ સાથે હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

આણંદની સરદાર વલ્લભભાઇ પટેલ શાળામાં 'વેસ્ટમાંથી બેસ્ટ' સ્પર્ધા યોજાઇ

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક વિભાગ, ખેતીવાડી ખાતે વિદ્યાર્થીઓ માટે 'વેસ્ટમાંથી બેસ્ટ' સ્પર્ધા યોજાઇ હતી. આ સ્પર્ધામાં ૧૮૬ વિદ્યાર્થીએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને નકામી વસ્તુઓમાંથી અતિ આકર્ષક અને કલાત્મક કૃતિઓ તૈયાર કરી પોતાની આંતરિક પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. ધોરણ ૬ થી ૮ ના વિવિધ વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી વિજેતાપદ મેળવ્યું હતું, જેમાં પરમાર ધ્રુવ, સુથાર માહી, જાદવ જસ્મીના અને ચાવડા પ્રતીક સહિતના બાળકો મોખરે રહ્યા હતા.